**ક્રિ.પ.અ. નં ૫૪/૨૦૨૬**

**<u>આરોપી ફૈયાઝ હુશેન બાકરોલીયાનાઓની જામીન અરજી લગત હુકમ</u>**

૧) ક્રિમીનલ કેસ નં ૭૦૪/૨૦૧૭ ના કામે આરોપી ફૈયાઝ હુશેન બાકરોલીયાનાઓએ બી.એન.એસ.એસ ની કલમ ૪૮૦ મુજબ જામીન ઉપર મુક્ત થવા માટે હાલની આ અરજ કરેલ છે.

૨) અરજદારોના વિધ્વાન વકીલશ્રીની મુખ્ય દલીલ એવી છે કે, સદરહુ આરોપી સ્થાનીક રહેવાસી છે. અરજદાર આરોપી છુટક મજુરી કરે છે. પરિવારના સભ્યોનુ તમામ જવાબદારી તેમના શીરે છે. આરોપી અરજદાર છુટક મજુરી કરતા હોય આરોપીને જામીન મુકત કરવામાં ન આવે તો આર્થિક મોટુ નુકશાન જાય તેમ છે.આરોપી નામદાર કોર્ટ જે શરતો રાખશે તેનુ પાલન કરશે. તેથી હાલના કામે આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે.

૩) સદર કામે ફરીયાદપક્ષે આરોપીને જામીન મુકત કરવા સામે સખત વાંધો હોવાનુ જણાવેલ છે.

૪) અરજી, કેસનુ રેકર્ડ તથા બંને પક્ષે થયેલ દલીલ ધ્યાને લીધી. સદર કામે રેકર્ડ જોતા સદર આરોપી ઘણા લાંબા સમયથી કોર્ટમા હાજર રહેલ ન હતો. જેથી સદર કામ ક્રિ.પ્રોસી.કોડની કલમ ૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં ફરીયાદપક્ષનો પુરાવો રેકર્ડ કરવાનો હુકમ કરવામાં આવેલ હતો. સદર કામે ફરીયાદપક્ષના ત.ક.અ. સીવાયના તમામ સાહેદોની જુબાની પુર્ણ થઇ ગયેલ છે. હવે આરોપી હાજર થતા તે તમામ સાહેદો પૈકી સાહેદ નં ૧ અને ૬ થી ૯ નો ઉલટતપાસ કરવાનો હકક ઓપન કરવાની અરજી આપવામાં આવેલ છે જે કોસ્ટ સાથે મંજુર કરવામાં આવેલ છે. આમ, રેકર્ડ જોતા આરોપીની ઘણા લાંબા સમયથી ગેરહાજર રહેલ છ જેના કારણે કેસની કાર્યવાહી લંબાયેલ છે. વધુમાં, સદર કામે આરોપીને પકડવોરંટો વારંવાર ઇસ્યુ કરતા તે બીન બજે પરત આવતા હતા. જેના પરથી આરોપી પોતાના ઉપર

વોરંટોની બજવણી ટાળતો હોવાનુ સ્પષ્ટ જણાય આવે છે. તે સંજોગોમાં સદર કામે ફરીયાદી તથા સાહેદ નં ૬ થી ૯ નાઓની ઉલટતપાસ બાદ આરોપીને જામીન મુકત કરવામાં આવે તો કેસનો ઝડપી અને યોગ્ય નિકાલ થઈ શકે તેમ છે. તે સંજોગોમાં આરોપીની હાલની જામીન અરજી હેઠળ નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**-::હુકમ::-**

આરોપીપક્ષને ફરીયાદી તથા સાહેદ નં ૬ થી ૯ નાઓની ઉલટતપાસ પત્યા બાદ આરોપીની જેલમુકતીનો હાથબીડો આપવો તેવો હુકમ કરવામાં આવે છે. ત્યા સુધી આરોપીને જયુડિશીયલ કસ્ટડીમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

તા. ૨૪/૦૩/૨૦૨૬
મેઘરજ

(શ્રી મતી જીનલ વિશાલ અઢીયા)
જીજે૦૧૪૦૮
એડી.સીવીલ જજ અને
જયુ.મેજી.ફ.ક.,મેઘરજ